જિલ્લા શિક્ષણ સમિતિ/નગર શિક્ષણ સમિતિઓ હસ્તકની પ્રાથમિક શાળાઓ/ ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં વિદ્યાસહાયકની નિમણૂંક કરવા બાબતે સંકલિત ઠરાવ બહાર પાડવા બાબત.

ગુજરાત સરકાર

શિક્ષણ વિભાગ

ઠરાવ ક્રમાંક:પીઆરઇ-૧૧૧૦-૨૨૩-ક

સચિવાલય, ગાંધીનગર

તા.30/07/૨૦૨૪

વંચાણે લીધા :

(૧) શિક્ષણ વિભાગનો તારીખ:૧૭-03-૨૦૨૩નો સમાન ક્રમાંકનો ઠરાવ.

(૨) નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની તા.૨૫/૦૬/૨૦૨૪ ના પત્ર ક્રમાંક:DPE/0692/06/2024 થી કરેલ દરખાસ્ત.

સુધારા ઠરાવ :

શિક્ષણ વિભાગના તારીખ:૧૭-03-૨૦૨૩ ના વંચાણે લીધા ક્રમાંક-(૧) ના ઠરાવથી જિલ્લા શિક્ષણ સમિતિ/નગર શિક્ષણ સમિતિઓ હસ્તકની પ્રાથમિક શાળાઓ/ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં વિદ્યાસહાયકની નિમણૂંક કરવા બાબતે સંકલિત ઠરાવ બહાર પાડવામાં આવેલ છે.

ત્યારબાદ વંચાણે લીધેલ ક્રમાંક-(૨)ના પત્રથી આ વિભાગના તા.૧૭-03-૨૦૨૩ ના ઠરાવ ક્રમાંક:પીઆરઇ/૧૧૧૦/૨૨૩/ક ની જોગવાઇ ક્રમાંક :૮ અને ૮(III) માં સુધારો તેમજ જોગવાઇ ૯(અ) અને જોગવાઇ ક્રમાંક ૧૮ થી ૨૩ નવી ઉમેરવા નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ દ્વારા દરખાસ્ત કરવામાં આવેલ છે. જે અન્વયે પુખ્ત વિચારણાને અંતે, વંચાણે લીધેલ ક્રમાંક-(૧)ના ઠરાવની નીચે કોષ્ટકમાં દર્શાવેલ જોગવાઇઓમાં નીચે મુજબ સુધારો/ઉમેરો કરવામાં આવે છે.

| ક્રમ | હાલની જોગવાઇ (તા.૧૭-03-૨૦૨૩નો ઠરાવ ) | સુધારો/ઉમેરો કરેલ જોગવાઇ |
|---|---|---|
| ૧ | **જોગવાઇ ક્રમાંક:- (૮)**<br>ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ પસંદગી | **જોગવાઇ ક્રમાંક:- (૮)**<br>ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિએ |

| | | |
|---|---|---|
| | સમિતિએ ઉમેદવારોની પસંદગી યાદીમાં દર્શાવેલી જગ્યાઓની ૨૦ ટકાની મર્યાદામાં કેટેગરી વાઈઝ પ્રતિક્ષાયાદી તૈયાર કરવાની રહેશે. પ્રતિક્ષાયાદી તૈયાર થયા તારીખથી એક વર્ષ અથવા પછીની ભરતી પ્રક્રિયા માટે જાહેરાત અપાય તે તારીખના આગળના દિવસના કચેરી સમય એ બે માંથી જે વહેલું હોય ત્યાં સુધી અમલમાં રહેશે. આ સમય મર્યાદા પૂર્ણ થતાં તે પ્રતિક્ષાયાદી આપોઆપ રદ થયેલ ગણાશે. | ઉમેદવારોની **જાહેરાતમાં દર્શાવેલ જગ્યાઓની** ૨૦ ટકાની મર્યાદામાં કેટેગરી વાઈઝ પ્રતિક્ષાયાદી તૈયાર કરવાની રહેશે. પ્રતિક્ષાયાદી તૈયાર થયા તારીખથી એક વર્ષ અથવા પછીની ભરતી પ્રક્રિયા માટે જાહેરાત અપાય તે તારીખના આગળના દિવસના કચેરી સમય એ બે માંથી જે વહેલું હોય ત્યાં સુધી અમલમાં રહેશે. આ સમય મર્યાદા પૂર્ણ થતાં તે પ્રતિક્ષાયાદી આપોઆપ રદ થયેલ ગણાશે. |
| ૨ | **જોગવાઇ ક્રમાંકઃ- (૮)(III)**<br>સંબંધિત પસંદગી યાદીમાંથી નિમણૂક આપેલ ઉમેદવાર હાજર થયા પછી રાજીનામુ આપે તે કારણથી જગ્યા ખાલી પડે. | **જોગવાઇ ક્રમાંકઃ- (૮)(III)**<br>સંબંધિત પસંદગી યાદીમાંથી નિમણૂક આપેલ ઉમેદવાર હાજર થયા પછી રાજીનામુ આપે/**મૃત્યુ થાય તેવા કિસ્સામાં** જગ્યા ખાલી પડે. |
| 3 | જોગવાઇ | **જોગવાઇ ક્રમાંકઃ-૯ (અ)**<br>The Gujarat Schedule Castes, Schedule Tribes & Other Backward Class (Regulation of Issuance & verification of caste Certificates) Act-2018 ની કલમ :૬(૩) મુજબ રાજ્ય સરકારના વિવિધ સંવર્ગોમાં અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ તથા અન્ય પછાત વર્ગમાં નિમણૂંક માટે પસંદ થયેલ તમામ ઉમેદવારોને નિમણૂંક આપતાં પહેલાં જાતિના પ્રમાણપત્રોની સંબંધિત વિશ્લેષણ સમિતિ મારફત ચકાસણી કરાવવાની થાય છે તે મુજબ સંબંધિત નિમણૂંક સત્તાધિકારી દ્વારા ચકાસણી કરાવ્યા બાદ જાતિ માન્ય ઠરે તો જ નિમણૂક આપવાની રહેશે. જે ઉમેદવારના જાતિ પ્રમાણપત્ર અમાન્ય/ખોટા ઠરશે તેમનો જીલ્લા હુકમ આપોઆપ રદ થશે તેવી બાંહેધરી જિલ્લા/નગર પસંદગી પહેલાં આપવાની રહેશે. અન્યથા ઉમેદવારી રદ કરવામાં આવશે. |

| | | |
|---|---|---|
| ૪ | | **<u>જોગવાઇ ક્રમાંક : ૧૮</u>**<br>મેરિટ મુજબ જિલ્લા પસંદગી માટે પાત્ર ઠરતા ઉમેદવારોએ જિલ્લા પસંદગી માટે કોલ લેટર ઓનલાઇન મેળવી લેવાનો રહેશે. ઉમેદવારને ટપાલ કે અન્ય કોઇ રીતે કોલ લેટર મોકલવામાં આવશે નહીં. |
| ૫ | | **<u>જોગવાઇ ક્રમાંક : ૧૯</u>**<br>ઓન લાઈન જિલ્લા પસંદગીની કાર્યવાહી દરમ્યાન અસલ પ્રમાણપત્રો/ગુણપત્રકોની ચકાસણી વખતે સંબંધિત ઉમેદવારના મેરિટમાં સુધારો/વધારો થાય તો તેવા ઉમેદવારોને સુધારેલા મેરિટ મુજબ તેમના સુધારેલા મેરિટ ક્રમે ઓનલાઈન જિલ્લા પસંદગી કરવાની રહેશે. |
| ૬ | | **<u>જોગવાઇ ક્રમાંક : ૨૦</u>**<br>મેરિટની ગણતરી માટે નીચે મુજબની કાર્યપધ્ધતિ અનુસરવામાં આવશે.<br>(i) યુજીસી માન્ય યુનિવર્સીટી દ્વારા આપવામાં આવતી ડીગ્રીઓના ગુણપત્રકમાં જે કુલ ગુણ (ગ્રાન્ટ ટોટલ) દર્શાવેલ હોય તેમાંથી મેળવેલ ગુણ (ઓબટેઇન માર્કસ) ને ધ્યાનમાં રાખીને આવેલ ટકાને ગ્રાહ્ય રાખવામાં આવશે. ગુણાંકન કે પ્રાયોગિક પરીક્ષા/પાઠના ગુણોને ધ્યાને લેવાના રહેશે.<br>(ii) કોઇપણ ઉમેદવાર શૈક્ષણિક લાયકાત અથવા વ્યાવસાયિક લાયકાતની અંતિમ ડીગ્રી પરીક્ષા એક કરતાં વધુ પ્રયત્ને પસાર કરેલ હોય તો,<br>(એ) જો ઉમેદવાર પ્રથમ પ્રયત્ન અથવા બીજા પ્રયત્ન અથવા કોઈપણ પ્રયત્ને નાપાસ (ફેલ) થયા હોય અને જયારે છેલ્લે જે પરીક્ષા આપી હોય તેમાં બધા જ વિષયોની પરીક્ષા આપી હોય અને પાસ થયેલ હોય તો તેનો એક જ પ્રયત્ન ગણવો અને કુલ ગુણમાંથી મેળવેલ ગુણ ધ્યાનમાં લેવામાં આવશે.<br>(બી) જો ઉમેદવારે એક કરતાં વધુ પ્રયત્નોથી કોઈપણ પરીક્ષા પાસ કરી હોય અને કોઇ વિષયમાં |

| | | |
|---|---|---|
| | | મુક્તિ (Exemption) મેળવેલ હોય તે દરેક પ્રયત્નના કુલ ગુણનો સરવાળો અને તેમણે મેળવેલ ગુણમાંથી ટકાવારી કાઢી જે તે ટકાને ધ્યાને લઈ મેરીટ નકકી કરવામાં આવશે.<br>(સી) જો કોઈ ઉમેદવારે એક કરતાં વધુ પ્રયત્ને પરીક્ષા પાસ કરી હોય અને તેવી પરીક્ષામાં યુનિવર્સિટી દ્વારા આંતરિક ગુણાંકન અને પ્રેક્ટીકલની પરીક્ષા/પાઠ ફરીથી લેવામાં આવતી ન હોય અને પ્રથમ પ્રયત્ન વખતે મેળવેલ આંતરિક ગુણાંકન અથવા પ્રાયોગિક પરીક્ષા/પાઠમાં મેળવેલ ગુણને જ ધ્યાને લેવાતા હોય તેવા કિસ્સામાં વધારાના પ્રયત્નો વખતે ગુણાંકન કરતી વખતે આવા ગુણાંકનના ગુણ દર્શાવેલ હોય તો તેને ધ્યાને ન લેતા ફક્ત વાસ્તવિક પરીક્ષા આપી હોય તેટલા જ વિષયના કુલ ગુણ અને મેળવેલ ગુણ અને પ્રથમ વખતે મેળવેલ આંતરિક ગુણાંકન કે પ્રાયોગિક પરીક્ષા/પાઠના ગુણોને ધ્યાને લેવાના રહેશે. |
| ૭ | | <u>જોગવાઇ ક્રમાંક : ૨૧</u><br>ઓન લાઈન જિલ્લા પસંદગી માટે ઉમેદવારે કોલ લેટરમાં દર્શાવેલ તારીખ અને સમયે જ જિલ્લા પસદગી માટે ઉપસ્થિત રહેવાનું રહેશે. પરંતુ કોઈપણ કારણોસર નિયત સમય કરતાં મોડા આવનાર ઉમેદવારને જે દિવસે જિલ્લા પસંદગી માટે બોલાવેલ હોય તે દિવસે જિલ્લા પસંદગીની પ્રક્રિયા ચાલુ હશે, તો તે સમયે જે જગ્યા ખાલી હશે તે જગ્યાઓમાંથી જિલ્લા પસંદગીની તક આપવામાં આવશે. કોલ લેટરમાં દર્શાવેલ સમયે ઉપસ્થિત નહી રહેનાર ઉમેદવારને કોઈપણ સંજોગોમાં ત્યારપછીના દિવસે જિલ્લા પસંદગીની તક આપવામાં આવશે નહીં. |
| ૮ | | <u>જોગવાઇ ક્રમાંક : ૨૨</u><br>યુ.જી.સી. દ્વારા માન્ય યુનિવર્સિટીઓની યાદી બહાર પાડવામાં આવે છે. યુ.જી.સી. દ્વારા માન્ય યુનિવર્સિટી દ્વારા મેળવેલ ડીગ્રી ગ્રાહ્ય રાખવામાં આવશે. પરંતુ |

| | | |
|---|---|---|
| | | યુ.જી.સી. દ્વારા તા.૨૭/૬/૨૦૧૩ ના રોજ પ્રસિધ્ધ કરેલ અખબારી યાદી તેમજ તા.૧૧/૭/૨૦૧૪ ના પત્ર અને તા.૦૯/૦૯/૨૦૧૪ ના પત્રની ગાઇડ લાઈન અનુસાર ડીગ્રી મેળવેલ હશે તો જ ગ્રાહ્ય રાખવામાં આવશે. |
| ૯ | | <u>જોગવાઇ ક્રમાંક : ૨૩</u><br>ગુજરાત રાજય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિ, ભરતીની કાર્યપધ્ધતિ અને લાયકાતોની ચકાસણી બાબતમાં ઉમેદવારની યોગ્યતા અને પાત્રતા નક્કી કરવા માટે જરૂરી જણાય તેવા અર્થઘટન અને સ્પષ્ટતાઓ કરી શકશે. પરંતુ આવી કોઇપણ સ્પષ્ટતા કે અર્થઘટન સમિતિ દ્વારા કરવામાં આવે તો તે અંગેની બહોળી પ્રસિધ્ધિ સંબંધિત ભરતી પ્રક્રિયા પહેલાં કરવાની રહેશે. |

આ હુકમો વિભાગની ઇ-સરકાર ફાઇલ નં.૪૯૧૮ પર તા.૨૫-૦૭-૨૦૨૪ ની સરકારશ્રીની મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે. વંચાણે લીધેલા ક્રમાંક-(૧) મુજબના આ વિભાગના તા.૧૭-૦૩-૨૦૨૩ના ઠરાવની અન્ય જોગવાઇઓ યથાવત રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આર.આર.ઠાકોર)
**સેક્શન અધિકારી**
**શિક્ષણ વિભાગ**

પ્રતિ,

- માન રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી,માન.મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧ સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(પ્રાથમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી (પ્રાથમિક શિક્ષણ) નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ -૧, સચિવાલય, ગાંધીનગર.

- માન.રા.ક.મંત્રીશ્રી(પ્રાથમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, માન.રા.ક.મંત્રીશ્રી (પ્રાથમિક શિક્ષણ) નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- અગ્રસચિવશ્રી (ટેકનિકલ શિક્ષણ)ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી(પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેક્ટર-૧૯, ગાંધીનગર
- સચિવશ્રી, રાજય પરીક્ષા બોર્ડ, સેકટર-૨૧, ગાંધીનગર
- તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/ શિક્ષણાધિકારીશ્રીઓ
- સર્વે શાસનાધિકારીશ્રી, મહાનગરપાલિકા અને નગરપાલિકા

} નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી મારફત

- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય,ગાંધીનગર (ઠરાવ ઓન લાઇન મુકવા સારું)
- સેકશન અધિકારીશ્રી, ક-૧, ચ અને ન-શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાયબ સેકશન અધિકારીની સિલેકટ ફાઇલ-૨૦૨૪
- શાખા સિલેક્ટ ફાઈલ-૨૦૨૪